# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 29-05-2025 Day: Thursday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## મુખ્યમંત્રી: કૃષિ સંકલ્પ અભિયાન- આણંદ

**મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આણંદ કૃષિ વિશ્વ-વિદ્યાલય ખાતેથી આજે રાજ્યવ્યાપી વિકસિત કૃષિ સંકલ્પ અભિયાનનો પ્રારંભ કરાવ્યો. આ પ્રસંગે તેમણે કહ્યું, ખેતીમાં સમય અનુરૂપ ટેક્નોલૉજીનો ઉપયોગ કરીને અદ્યતન અને ટકાઉ ખેતી માટે અન્નદાતાને પ્રશિક્ષિત કરવાની નવતર પહેલ દેશમાં થઈ છે. પ્રધાનમંત્રીએ સંકલિત પ્રયાસો સાથે કૃષિમાં પરિવર્તનની દિશા આપી હોવાનું પણ મુખ્યમંત્રીએ ઉમેર્યું.**

**રાજકોટના ખેરડી ગામથી કૃષિમંત્રી રાઘવજી પટેલે આ અભિયાનનો પ્રારંભ કરાવ્યો હતો. આ અભિયાન અંતર્ગત કૃષિ ક્ષેત્રના ટકાઉ વિકાસ માટે કૃષિ વૈજ્ઞાનિકો, પ્રગતિશીલ ખેડૂતો અને કૃષિ અધિકારીઓની 55 ટુકડી ખેડૂતોને ઘરઆંગણે માર્ગદર્શન પૂરું પાડશે. રાજ્યભરમાં યાત્રા કરીને આ તમામ ટુકડી આગામી 15 દિવસમાં રાજ્યના બે હજાર 951 ગામના ત્રણ લાખ 50 હજારથી વધુ ખેડૂતો સાથે સીધો સંવાદ કરશે.**

**-----------------------------------------------------------------------------------**

## સર્વપક્ષિય પ્રતિનિધિ મંડળ- વિવિધ દેશોની મુલાકાતે

**આતંકવાદને નાબૂદ કરવા માટે ભારતના અડગ નિશ્ચયને વિશ્વના દેશોને પહોંચાડવા માટે ભારતના સાંસદોનુ સાત સર્વપક્ષિય પ્રતિનિધમંડળ અલગ અલગ દેશોની મુલાકાત લઇ રહ્યું છે.. ડીએમકે સાંસદ કે. કનિમોઝીના નેતૃત્વ હેઠળના પ્રતિનિધિમંડળે ગ્રીસના વિદેશ મંત્રાલયના વરિષ્ઠ અધિકારીઓ સાથે મુલાકાત કરી,**

**ભાજપના સાંસદ રવિશંકર પ્રસાદના નેતૃત્વમાં સર્વપક્ષીય પ્રતિનિધિમંડળે સેનેટની વિદેશ અને સંરક્ષણ સમિતિના પ્રમુખ સ્ટેફનિયા ક્રેક્સી સાથે બેઠક કરી. કોંગ્રેસના સાંસદ શશી થરૂરે, પનામા અને એનસીપીના શરદ પવાર જૂથના સુપ્રિયા સૂલેએ દક્ષિણ આફ્રિકાના કેપટાઉનમાં રાષ્ટ્રપતિ પદના નાયબ મંત્રી કેનેથ મોરોલોંગ સાથે વાતચીત કરી અને ભારતના આતંકવાદ વિરોધી વલણને સ્પષ્ટ કર્યું.**

**--------------------------------------------------------------------------------**

## શિપિંગ-જળમાગ રાજ્યમંત્રી: ડીપીએ કાર્યક્રમ

**દેશના મહાબંદરો પૈકીના એક એવા ડીપીએ કંડલાનું ભારતના આર્થિક વિકાસમાં ચાવીરૂપ યોગદાન રહેલું છે. ડીપીએ કંડલા વિકાસની નવી ઉંચાઇઓ સર કરે તે માટે કેન્દ્ર સરકાર પણ કટિબ્ધ છે તેવું બંદરો, શિપિંગ અને જળમાર્ગ રાજ્યમંત્રી શાંતનુ ઠાકુરે દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલા ખાતે ગઇકાલે ઉદ્ઘાટન અને શિલાન્યાસ કાર્યક્રમમાં જણાવ્યું હતું. શિપિગ રાજ્ય મંત્રી કંડલા કાર્ગો જેટી એરિયા ખાતે નવા સીફેરર બિલ્ડિંગનો શિલાન્યાસ, બર્થ 13 થી 16 સુધી રેલ્વે લાઇનના વિસ્તરણ માટેનું ખાતમુહુર્ત, ઓઇલ જેટ્ટી નંબર 7 ખાતે ટેલિસ્કોપિક ગેંગવેનું ઉદ્ઘાટન અને કાર્ગો જેટ્ટી વિસ્તારની અંદર ફાયર બ્રિગેડ સ્ટેશનનું લોકાપર્ણ કરાયું હતું. આ સુવિધા બંદરની આસપાસ કટોકટીની તૈયારી અને સલામતી પદ્ધતિઓમાં નોંધપાત્ર વધારો કરશે.**

**--------------------------------------------------------------------------------**

## કચ્છમાં ખારેકનું ઉત્પાદન

**કચ્છમાં અંદાજિત 500 વર્ષથી ખરેકની ખેતી થાય છે. કચ્છમાં અંદાજીત 5 હજાર જેટલાં ખેડૂતો ખારેકની ખેતી કરી રહ્યાં છે. કચ્છમાં દેશી ઉપરાંત, બારહી, હલાવી, ખદરાવી, સામરાન, ઝાહીદી, મેજુલ અને ખલાલ સહિતની ખારેક થાય છે. GI ટેગ ધરાવતી ખારેકનું આ વર્ષે ઉત્પાદન સારું થવાની ખેડૂતો આશા વ્યક્ત કરી રહ્યા છે. ઝાળ પર ફાલ પણ પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે. પશ્ચિમ કચ્છ અને મુન્દ્રા તાલુકામાં સાનુકૂળ વાતાવરણના કારણે ખારેકનું આ વર્ષે ઉત્પાદન મહત્તમ થવાની સંભાવના છે.**

-----------------------------------------------------------------------------------------

## નગાવલાડીયામાં મહિલા ક્રિકેટ

સ્પોર્ટ્સ ટ્રસ્ટ અને નગાવલાડીયા ગ્રામ પંચાયત દ્વારા વુમેન પ્રીમિયર લીગ મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટનો દબદબાભેર પ્રારંભ થયો હતો. ગુજરાતની 187 મહિલા ક્રિકેટરોની 18 ટીમો 27 મે થી 7 જૂન, સુધી નગાવલાડીયામાં મેચો રમશે. આ ટુર્નામેન્ટ મહિલા ક્રિકેટરોને તેમની પ્રતિભા દર્શાવવાનું એક અનોખું પ્લેટફોર્મ પૂરું પાડશે. ઉદ્દઘાટન સમારોહમાં નગાવલાડીયાના સરપંચ અને રાષ્ટ્રીય સરપંચ સંઘના જનરલ સેક્રેટરી દેવઈબેન કાનગડે મહિલા ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. 10 દિવસ સુધી ચાલનારી મહિલા ક્રિકેટ ટુર્નામેન્ટ આકર્ષણનું કેન્દ્ર બની છે.

-----------------------------------------------------------------------------------------

## ધ્રબુડી-ત્રગડી દરિયાકાંઠે કાચબાના બચ્ચા છોડાયા

માંડવી તાલુકાના ધ્રબુડી અને ત્રગડી વચ્ચેના દરિયાકાંઠે ઓલિવ રિડલી માદા કાચબાએ એપ્રિલમાં ઈંડા મૂક્યા હતા જેના રક્ષણ માટે વન વિભાગે પાંજરા મૂક્યા હતા. આ ઈંડામાંથી કાચબાના બચ્ચા બહાર આવતાં તેને સમુદ્રમાં છોડાયા હતા. માંડવી-મુન્દ્રાના ધારાસભ્ય અનિરૂધ્ધ દવેએ ઈંડામાંથી બચ્ચા બહાર આવે ત્યારે તેમને સમુદ્રમાં મૂકવાનો અવસર મળે તેવી ઈચ્છા વન વિભાગ પાસે વ્યક્ત કરી હતી. તેથી તેમના હસ્તે આ બચ્ચાઓને દરિયામાં છોડવામાં આવ્યા હતા.

-----------------------------------------------------------------------------------------

## હવામાન

વાતાવરણમાં ભેજની અસામાન્ય ગણી શકાય તેવી હાજરીના લીધે કચ્છવાસીઓ ગરમી સાથેના બફારાથી પરેશાન બન્યા છે.  કચ્છમાં મહત્તમ તાપમાનમાં ઉતાર-ચડાવ યથાવત્ રહ્યો છે. ગઇકાલે અંજાર- ગાંધીધામમાં મહત્તમ તાપમાન એક ડિગ્રીના વધારા સાથે 41.2 ડિગ્રીએ પહોંચતાં રાજ્યના સૌથી ગરમ મથક બન્યા હતા. રાજ્યમાં કેટલાક જિલ્લાઓમાં વરસાદ પડ્યો છે ત્યારે કચ્છમાં માત્ર વાદળાઓની આવન જાવનથી વરસાદની આશા બંધાઇ છે.